| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૨૫/૦૨/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૨૫/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**નડીયાદના મહેરબાન સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને સ્પે.પોક્સો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

<u>ફોજદારી પરચુ. અરજી નં. ૨૪૫/૨૦૨૬</u>
<u>આંક :</u>

**<u>અરજદાર</u> :– દીલીપભાઈ સુરેશભાઈ વાઘેલા**
ઉ.વ.૨૦, ધંધો–મજુરીકામ,
રહે. ગમનપુરા, ચકલાસી, તા. નડીઆદ,જી.ખેડા
(હાલ બિલોદરા જેલ, નડીઆદ)

**<u>– વિરૂધ્ધ –</u>**

**<u>સામાવાળા</u> :–ગુજરાત રાજ્ય સરકારશ્રી,**

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**
**(ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જમીન અરજી)**

..................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જે.એમ. રાજપરમાર
સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી જી.વી. ઠાકુર

..................................................................

-:: **હુકમ** ::-

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ચકલાસી પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નં.**૧૧૨૦૪૦૧ ૭૨૬૦૦૬૯/૨૦૨૬** બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૭૫(૨), ૭૮(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ -૭, ૮, ૧૧(૪), ૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(W)(ii)૩, (૨),(૫-અ)૩(૧)(W)(i) મુજબના ગુન્હાના કામે તેઓની અટક થયેલ હોય અને ત્યારથી હાલના અરજદાર/ આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ (ક્રિમી. પ્રોસીઝર કોડની કલમ-૪૩૯) અન્વયે જામીન મુકત થવા માટે હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામુ રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી.સદર કહેવાતો બનાવ

તા.૧૯/૦૨/૨૦૨૬ નો છે. જયારે ફરીયાદ તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ છે. જેથી સદર ફરીયાદ બે દિવસ મોડી અને ગોઠવીને આપેલ છે.જેથી સદર ફરીયાદ કોઈના કહેવાથી, કોઈ વિરોધીઓના ચઢવણી વશ થઈ આપેલ હોવાનું સ્પષ્ટ થાય છે. અરજદારે ભોગ બનનાર સાથે મરજી વિરૂધ્ધ કોઈ દુષ્કર્મ આચરેલ નથી. ભોગ બનનારનો મોબાઈલ ફોન આવતા અરજદાર તેને સમજાવવા ગયેલ છે. ભોગ બનનાર અસલમાં ઉત્તરસંડા ચોકડી બેસી રહયા હતા. અરજદારે ભોગ બનનારે કોઈ જ શારીરીક અડપલા કે કોઈ ખરાબ કૃત્ય આચરેલ નથી.સદર કામે ભોગ બનનાર તથા અરજદાર/આરોપીનું શારીરીક પરીક્ષણ થઈ ગયેલ છે. ભોગ બનનાર સાથે જબરજસ્તી થયેલ હોય તેવા કોઈ ચિહનો તેના શરીર પર મળી આવેલ નથી. અરજદારે ભોગ બનનારને કોઈપણ જાતનો લોભ, લાલચ કે ધાકધમકી આપી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી ગયેલ નથી.ભોગ બનનાર અને અરજદાર વચ્ચે પ્રેમ સંબંધ હતો.અરજદાર ૨૦ વર્ષની નાની ઉંમરના છે. અરજદાર મજુરવર્ગના ઈસમ છે. ફરીયાદ હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે અરજદાર સામે આક્ષેપિત ગુનાને લગતી વ્યાખ્યા મુજબના કોઈ આવશ્યક તત્વો જણાઈ આવતા નથી અટલે કે પ્રથમદર્શનીય રીતે અરજદાર સામે કોઈ ગુન્હો બનતો નથી.અરજદાર/આરોપી ચકલાસી તા.નડીઆદના સ્થાનિક રહેવાસી હોય, સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, ટ્રાયલ દરમ્યાન

અરજદારની હાજરી આસાનીથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય, આ સંજોગોમાં અરજદાર/ આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલી છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી સાથે ફરીયાદી હાજર થયેલા છે. વિ. એ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં જણાવેલ છે કે, સદર કામની ફરીયાદ હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીએ પોતાનો જાતિય ઈરાદો પાર પાડવા સારૂ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૫ વર્ષ, ૦૬ માસ નાની સ્કુલમાંથી છુટીને પોતાના ઘરે જતી હતી તે વખતે રસ્તામાં મળી પટાવી, ફોંસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ લગ્ન કરવાની લાલચ આપી સગીર ભોગ બનનારના છાતીએ તથા શરીરે હાથ ફેરવી, શારીરીક છેડતી કરી ગુન્હો કર્યાની ફરીયાદ છે. ફરીયાદ નામજોગ છે, અરજદાર/આરોપી જાણતા હતા કે ભોગ બનનાર સગીર વયની છે તેમ છતાં ભોગ બનનારને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ તેણીની છાતીએ તથા શરીરે હાથ ફેરવી, શારીરીક છેડતી કરેલ છે. અરજદાર/આરોપી સામે પોકસો એકટ મુજબના ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. સદર ગુનાની તપાસ ચાલુ છે.ભોગ બનનાર અને આરોપી એક જ ગામના છે, આ સંજોગોમાં હાલના અરજદાર/ આરોપીને જો જામીન મુકત

કરવામાં આવશે તો ભોગ બનનાર સાથે ફરીથી આવુ કૃત્ય કરે તેમજ સાક્ષીઓને ફોડવાનો કે પુરાવાને તોડવાની કોશિષ કરે તેવી શકયતાને નકારી શકાય નહીં તેમજ ગુનાની ગંભીરતા તથા આરોપી સામેના આક્ષેપો નજર સમક્ષ રાખી, હાલના અરજદાર/આરોપીની જામીન મુકત થવા માટેની હાલની અરજી મંજુર થવા પાત્ર નથી તેમ ઠરાવી નામંજુર કરવા માટે ભારપૂર્વકની રજુઆતો કરેલી છે.

(૫) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી તેમજ અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજો તેમજ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધી. હાલના કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા સદર કામની ફરીયાદ હકીકત ધ્યાને લેતા અરજદાર /આરોપીએ પોતાનો જાતિય ઈરાદો પાર પાડવા સારૂ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૫ વર્ષ, ૦૬ માસ નાની સ્કુલમાંથી છુટીને પોતાના ઘરે જતી હતી તે વખતે રસ્તામાં મળી પટાવી, ફોંસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ લગ્ન કરવાની લાલચ આપી સગીર ભોગ બનનારના છાતીએ તથા શરીરે હાથ ફેરવી, શારીરીક છેડતી કરી ગુન્હો કર્યાની ફરીયાદ છે.અરજદારના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, અરજદારે ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુન્હો કરેલ નથી અને તેઓ ઉપર તદ્દન ખોટાં આક્ષેપો કરવામાં આવેલ છે. ભોગ

બનનાર અને અરજદાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. અરજદાર નાની ઉંમરના છે. અરજદારે ભોગ બનનારે કોઈ જ શારીરીક અડપલા કે કોઈ ખરાબ કૃત્ય આચરેલ નથી કે ભગાડી લઈ ગયેલ નથી. સદર કામની ફરીયાદ જોતા સદર ફરીયાદ બે દિવસ મોડી આપેલ છે. અરજદાર મુ.ચકલાસી, તા.નડીઆદના સ્થાનિક રહેવાસી હોય, કયાંય નાસી ભાગી જાય તેવા નથી, જે તમામ હકીકતો ધ્યાને લઈ જામીન મુકત કરવા જોઈએ પરંતુ સરકારી વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, પોલીસ પેપર્સ ધ્યાને લેતા સદર ગુનાની તપાસ ચાલુ છે, ફરીયાદ નામજોગ છે, અરજદાર/આરોપી જાણતા હતા કે ભોગ બનનાર સગીર વયની છે તેમ છતાં બનનારને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં થી ભગાડી લઈ જઈ તેણીની છાતીએ તથા શરીરે હાથ ફેરવી, શારીરીક છેડતી કરેલ છે. અરજદાર/આરોપી સામે પોકસો એકટ મુજબના ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. ભોગ બનનાર અને અરજદાર/આરોપી એક જ ગામના છે. આ સંજોગોમાં હાલના અરજદાર/ આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો ભોગ બનનાર સાથે ફરીથી આવુ કૃત્ય કરે તેમજ સાક્ષીઓને ફોડવાનો કે પુરાવાને તોડવાની કોશિષ કરે તેવી શકયતાને નકારી શકાય નહીં તેવી દલીલમાં તથ્ય હોવાનું જણાય આવે છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, આક્ષેપીત ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઈ, અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતા અરજદારની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી

અને ન્યાયોચિત જણાતુ ના હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના અરજદાર/આરોપી **દીલીપ સુરેશભાઈ વાઘેલા** નાઓની ફોજ.પરચુરણ અરજી નં. **૨૪૫/૨૦૨૬** આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: **૬ઠ્ઠી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૦૬/૦૩/૨૦૨૬

(/મિશ્રા)

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને
સ્પે. પોકસો જજ, ખેડા-એટ-નડીયાદ.
(જ્યુડી. કોડ નં. જીજે.૦૧૬૦૦)